For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ફોર્મ ભરવાની મુદ્દત પૂર્ણ થતાં ચિત્ર સ્પષ્ટ : 13 બેઠકો પર 55 મુરતિયા મેદાનમાં

# બરોડા ડેરીનો સત્તાસંગ્રામ: જી બી સોલંકી આજે બિનહરીફ જાહેર થશે

**ઝોન-11માં** વાઇસ ચેરમેન જી.બી. સોલંકીનો દબદબો; એકમાત્ર ફોર્મ ભરાતા બિનહરીફ વિજય નિશ્ચિત, 7 માર્ચ બાદ ખરાખરીના જંગનું ચિત્ર સ્પષ્ટ થશે

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના લાખો પશુપાલકોની જીવાદોરી સમાન અને સહકારી ક્ષેત્રની પ્રતિષ્ઠિત સંસ્થા 'બરોડા ડેરી'ની આગામી ચૂંટણીને લઈ જિલ્લાનું રાજકારણ ગરમાયું છે. ફોર્મ ભરવાની મુદ્દત પૂર્ણ થતા જ ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. ડેરીની કુલ 13 બેઠકો માટે કુલ 55 ઉમેદવારોએ પોતાની દાવેદારી નોંધાવી છે, જેના કારણે આગામી દિવસોમાં ખરાખરીનો જંગ ખેલાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

વહીવટી તંત્ર દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર, હવે તમામની નજર ફોર્મની ચકાસણી પર છે. 28 ફેબ્રુઆરીના રોજ ચૂંટણી અધિકારી દ્વારા ભરાયેલા તમામ ફોર્મની કાયદેસરની તપાસ કરવામાં આવશે. ત્યારબાદ, જે ઉમેદવારો ચૂંટણી લડવા માંગતા નથી તેઓ 7 માર્ચ સુધી પોતાનું નામાંકન પાછું ખેંચી શકશે. 7 માર્ચની સાંજ સુધીમાં ખબર પડશે કે કેટલી બેઠકો પર સીધો જંગ જામશે અને કેટલી બેઠકો બિનહરીફ જાહેર થશે.

બરોડા ડેરીની આ ચૂંટણી માત્ર રાજકીય પ્રતિષ્ઠાનો વિષય નથી, પરંતુ તે વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાના હજારો પશુપાલકોના આર્થિક હિતો સાથે જોડાયેલી છે. ડેરીના વહીવટમાં આવતું પરિવર્તન દૂધના ભાવ નિર્ધારણ અને પશુપાલકોને મળતા બોનસ પર સીધી અસર કરે છે, જેને કારણે બંને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં આ ચૂંટણીને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

બરોડા ડેરીની આ ચૂંટણીમાં સૌથી મોટા સમાચાર ઝોન-11 માંથી સામે આવ્યા છે. આ બેઠક પર વર્તમાન વાઈસ ચેરમેન જી. બી. સોલંકી સામે અન્ય કોઈ પણ ઉમેદવારે ફોર્મ ભરવાની હિંમત દાખવી નથી. માત્ર એક જ ફોર્મ ભરાતા જી. બી. સોલંકીનું બિનહરીફ ચૂંટાવું લગભગ નિશ્ચિત મનાઈ રહ્યું છે. જો 28 ફેબ્રુઆરીએ ચકાસણી દરમિયાન તેમનું ફોર્મ ટેકનિકલ રીતે માન્ય ઠરશે, તો તેઓ સત્તાવાર રીતે વિજેતા જાહેર થશે. આ જીત સાથે સોલંકીએ ચૂંટણી પૂર્વે જ પોતાનો દબદબો સાબિત કરી દીધો છે.



### ઝોન-6 માં સૌથી વધુ 9 ઉમેદવારો વચ્ચે ટક્કર

ફોર્મ ભરવાની અંતિમ તારીખ સુધીમાં અનેક રસાકસીભર્યા સમીકરણો જોવા મળ્યા છે. જેમાં સૌથી વધુ ઉમેદવારી ઝોન-6 સાવલી પંથક માં જોવા મળી છે, જ્યાં 9 ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. જ્યારે ઝોન-11 માં માત્ર એક જ ઉમેદવારી ફોર્મ ભરાયું છે. વર્તમાન વાઇસ ચેરમેન જી.બી. સોલંકીએ આ બેઠક પરથી ફોર્મ ભર્યું હોવાથી તેઓ બિનહરીફ જાહેર થાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

#### ચૂંટણીનો જંગ

**18મી માર્ચે રણસંગ્રામ**
બરોડા ડેરીની કમાન કોના હાથમાં?

**કુલ બેઠકો**
13 મંડળોની બેઠકો માટે થશે મતદાન.

**નિરીક્ષકોની ફોજ**
કુબેર ડિંડોર, મોતી વસાવા અને નીપા પટેલ દ્વારા સેન્સ પ્રક્રિયા.

**પદ્ધતિ**
દરેક મંડળના પ્રતિનિધિઓને વ્યક્તિગત સાંભળીને પારદર્શક પસંદગીનો દાવો.

**લક્ષ્ય:**
જિલ્લા સંગઠન અને આગેવાનો સાથે સંકલન કરી મજબૂત પેનલ ઉતારવી.

#### સહકારી ક્ષેત્રના અજેય યોદ્ધા જી બી સોલંકીની ભવ્ય મજલ

ગણપતસિંહ ભરતસિંહ સોલંકીએ સાતમી વખત બિનહરીફ ડિરેક્ટર બનીને એક નવો ઈતિહાસ રચશે. વર્ષ 2003માં જ્યારે જૂની પદ્ધતિ મુજબ ઝોન વગર 15 બેઠકો માટે સામૂહિક મતદાન થતું હતું, ત્યારથી શરૂ થયેલી તેમની આ સફર આજે 2030 સુધીના અતૂટ વિશ્વાસમાં પરિવર્તિત થઈ છે. સતત ચાર ટર્મ (2003-2015) સુધી ડિરેક્ટર તરીકે અને ત્યારબાદ ઉપપ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી હતી. ઝોન નંબર 11 (નસવાડી, તિલકવાડા, બોડેલી અને સંખેડા) ના પ્રતિનિધિ તરીકે તેમણે સહકારી માળખાને મજબૂત બનાવવામાં સિંહફાળો આપ્યો છે. વર્ષ 2020 થી 2025 અને હવે આગામી 2025 થી 2030ની ટર્મ માટે પણ તેઓ બિનહરીફ ચૂંટાઈ આવતા, તેમની કાર્યશૈલી અને મતદારોના અતૂટ ભરોસા પર મહોર વાગી છે.

#### ઉમેદવારો

- ભારતસિંહ ગણપતસિંહ સોલંકી
- દિનેશભાઇ બાલુભાઈ પટેલ
- રંગીતસિંહ ખુમાનસિંહ પરમાર
- ભૂપતસિંહ પ્રવિણસીંહ સિંધા
- મોતીભાઇ સતીષભાઇ પટેલ
- રામસિંહ જીતસિંહ વાઘેલા
- ગોવિંદભાઇ શૈલેષભાઇ પટેલ
- સતિષભાઇ ચંદુભાઇ મકવાણા
- કુલદિપસિંહ ઉદેસિંહ રાઉલજી (વકીલ)
- ભીખાભાઇ દિક્ષીતભાઇ પટેલ
- કનુબેન રમેશભાઇ બારીયા
- રમેશભાઈ સોમાભાઈ બારીયા
- પાર્થિવ શૈલેષભાઇ પટેલ
- નારણભાઈ સંગ્રામસિંહ રાઠવા
- હિંમતસિંહ 14.જ્યોતિન્દ્રસિંહ પરમાર
- હંસાબેન સતિષભાઇ મકવાણા
- મોહનસિંહ રણજીતસિંહ રાઠવા
- પ્રફુલ્લભાઈ ભાષ્કરભાઈ પટેલ
- અંબાલાલ નરેન્દ્રભાઇ પટેલ
- કિરીટસિંહ ક્રિપાલસિંહ મહારાઉલ
- બારીયા વાલજીભાઇ જનાભાઈ
- બારીયા જયેન્દ્રસિંહ કલ્યાણસિંહ
- કાજલભાઇ ઉર્મિલાબહેન રાઠવા
- રાઠવા ગેમલભાઇ વિઠ્ઠલભાઇ
- ગોવિંદભાઈ ગેમાભાઇ રાઠવા
- મંગળદાસ પ્રહલાદભાઈ પટેલ
- મહેશભાઇ પ્રભુદાસ પટેલ
- ભાઇલાલભાઇ ફુલસંગભાઇ બારીયા
- દિલીપકુમાર સુમનલાલ શાહ
- નિકેતનભાઈ 29.શાંતીલાલ પટેલ
- ધર્મેશભાઇ નગીનભાઇ પટેલ
- ક્રિપાલસિંહ કિરીટસિંહ મહારાઉલ
- નિલેશભાઇ છીતુભાઈ પટેલ
- પ્રવિણભાઇ ડાહ્યાભાઇ ગોહિલ
- સુરપાલસિંહ ચીમનસિંહ પરમાર
- ખોડાભાઇ સામંતભાઈ ગોહિલ
- નરેન્દ્રસિંહ અજીતસિંહ રાઉલજી
- લક્ષ્મણસિંહ મહિજીભાઇ ચૌહાણ
- પટેલ સુરેશભાઈ ચંદુભાઈ
- પરમાર અર્જુનસિંહ માનસિંહ
- અજીતસિંહ રામસિંહ ઠાકોર
- જયદીપસીંહ વિજયસીંહ ચૌહાણ
- રાજેશભાઇ અનિરૂધ્ધભાઈ પટેલ
- પટેલ કમલેશભાઇ મોતીભાઇ
- નરેન્દ્રસિંહ જોરાવરસિંહ સુરતીયા

### બોર્ડની પરીક્ષાનો પ્રારંભ : બેન્ડ, ફૂલો, તથા ગોળ ધાણા દ્વારા વિદ્યાર્થીઓને આવકારાયા

# પરીક્ષા કેન્દ્ર પર પરિક્ષાર્થીઓનું સ્વાગત, અનેરો ઉત્સાહ જોવાયો



( પ્રતિનિધિ ) વડોદરા,તા.26

ગુજરાત બોર્ડની આજથી ધો.10 અને 12ની સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનો પ્રારંભ થયો છે. પ્રથમ વખત પરીક્ષા આપવા આવનાર વિદ્યાર્થીઓ પોતાના વાલીઓ સાથે પરીક્ષા કેન્દ્ર પર પહોંચ્યા હતા. જ્યાં, કેન્દ્ર ખાતે વિવિધ રૂપે બેન્ડ, ફૂલો, તથા ગોળ ધાણા દ્વારા પરિક્ષાર્થીઓનું સ્વાગત કરી તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આજથી ધો.10-12ના 72668 વિદ્યાર્થીઓની 267 કેન્દ્રો પર પરીક્ષાનો પ્રારંભ થયો છે. ધો.10માં ભાષા, ધો.12 સાયન્સમાં ભૌતિક વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં અર્થશાસ્ત્રની પરીક્ષા લેવાશે. બોર્ડ પરીક્ષામાં ચાલુ વર્ષે પ્રથમવાર રાઈટર લેનાર વિદ્યાર્થીને 1 કલાકનો સમય વધારે અપાશે. ડીઈઓ સહિત જિલ્લામાં એસ.ટી વિભાગ, એમજીવીસીએલ, બીએસએનએલ તેમજ આરોગ્ય જેવા વિભાગોને પરીક્ષા સંબંધિત વ્યવસ્થાઓ જાળવવા જિલ્લા કલેકટરે સૂચના આપી છે. ડીઈઓ કચેરી દ્વારા કંટ્રોલ રૂમ શરૂ કરાયો છે. ધો.10ની પરીક્ષા 4 ઝોન રાવપુરા, મકરપુરા, કારેલીબાગ અને ગોત્રીમાં 153 બિલ્ડિંગો પર 1522 બ્લોક લેવાશે. જેમાં 43873 વિદ્યાર્થી પરીક્ષા આપશે. ધો.12 સામાન્ય પ્રવાહમાં માંડવી અને સયાજીગંજ ઝોનમાં 61 બિલ્ડિંગો પર 568 બ્લોકમાં 18128 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. જ્યારે ધો.12 સાયન્સમાં માંડવી અને સયાજીગંજ ઝોનના 37 બિલ્ડિંગો પર 334 બ્લોક પર 6507 વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. ધોરણ 10માં ગણિત વિષય લેનાર વિદ્યાર્થીઓએ બેઝીકની જગ્યાએ સ્ટાર્ન્ડ ગણિતની પસંદગી કરી હોય તેવા 15 જેટલા વિદ્યાર્થીઓની સુધારા અરજીઓ આવી હતી. આજે પહેલું પેપર હોય પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાર્થિઓ વાલીઓ સાથે સમય કરતા પહેલા પહોંચ્યા હતા. પરીક્ષા કેન્દ્રો ખાતે સંચાલક ગણો દ્વારા પરીક્ષાર્થીઓનું સ્વાગત કરાયું હતું. વિદ્યાર્થીઓ ભયમુક્ત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે મુજબ ખાસ આયોજન કરવામાં આવ્યું છે. ધો.10 ગુજરાતીનું પેપર પાઠ્યપુસ્તક આધારિત રહ્યું હતું. જેના કારણે પેપર સરળ નીકળતાં વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ છવાયો હતો.

#### ડીઈઓ કચેરી દ્વારા અકસ્માતગ્રસ્ત વિદ્યાર્થિની માટે તાત્કાલિક લહિયાની સુવિધા અપાઈ



મકરપુરાની ખાનગી સ્કૂલમાં ધોરણ 12 ની વિદ્યાર્થીની આયુષી રાણાને એકટીવા પરથી પડી જતા ડાબા હાથના અંગૂઠામાં ફેક્ચર થયું હતું. બોર્ડની પરીક્ષા હોવાને કારણે પરિવારજનો ચિંતાતુર બન્યા હતા. જો કે સ્કૂલના પ્રિન્સિપાલે તાત્કાલિક ડીઈઓ કચેરીનો સંપર્ક કરતા વિદ્યાર્થીનીને પરીક્ષા દરમિયાન તુરંત લહિયાની સુવિધા આપવામાં આવી હતી. આ સરાહનીય કામગીરી બદલ પરિવારજનોએ ડીઈઓ કચેરી અને સ્કૂલનો આભાર માન્યો હતો.

#### પીવાનું પાણી અને છાંયો શોધતા વાલીઓ

દર વર્ષે બોર્ડની પરીક્ષાઓ શરૂ થતી હોય છે. ત્યારે પરીક્ષા કેન્દ્ર બહાર પાલિકા સહિત વહીવટી તંત્ર દ્વારા પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓના વાલીઓ તાપમાં શેકાવા મજબુર બન્યા હતા. તંત્રની લાપરવાહીથી પીવાનું પાણી અને છાંયો શોધતા શોધતા વાલીઓએ સમય પસાર કર્યો હતો.

#### અંગ્રેજીના પેપરમાં AI ટેકનોલોજી આધારિત નિબંધ પૂછાયો

ધો.10નું અંગ્રેજી ભાષાનું પેપર સરળ હતું તથા વિદ્યાર્થીઓને પણ પ્રશ્નો સહેલા લાગ્યા હતા. એસેયમાં એઆઈ ટેકનોલોજી રીલેટેડ હોવાથી વિદ્યાર્થીઓને પણ સારી રીતે આવડે એવો હતો. જે વિદ્યાર્થીઓએ સારી રીતે તૈયારી કરી હશે, તે વિદ્યાર્થીઓને આ પેપર ખુબ જ સરળ લાગ્યું હતું. જ્યારે જે વિધાર્થીઓની તૈયારી ઓછી રહી હતી. એ વિધાર્થીઓને આ પેપર થોડું મોડરેટ લાગ્યું હશે. ઓવર ઓલ પેપર સરળ હતું.. **નિરવ ભાઈ જોષી**

#### વિદ્યાર્થીઓને મજા આવી જાય એવા અને રીપીટ થયેલા પ્રશ્નો પૂછવામાં આવ્યા

12 કોમર્સનું ઈકોનોમિક્સનું પેપર હતું. ખરેખર બહુ જ સારુ પેપર હતું. વિદ્યાર્થીઓની મહેનતનો ઉત્સવ હતો. પ્ર.16 ના MCQs થોડા ડિટેઈલમાં પૂછવામાં આવ્યા હતા. Section E ના બધા જ પ્રશ્નો સરળ અને ટૂંકા હતા. આલેખમાં પણ સાદી સ્તંભ-આકૃતિ પૂછવામાં આવી હતી. જેના કારણે વિદ્યાર્થીઓને સરળ પડ્યું. Sec - C અને D માં પણ વિદ્યાર્થીઓને મજા આવી જાય એવા પ્રશ્નો અને રીપીટ થયેલા પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની મહેનત અને વિશ્વાસના કારણે બધાનું પેપર ખૂબ જ સરસ ગયું છે. **નીતેશ સહાની,** અર્થશાસ્ત્ર વિષય નિષ્ણાત

#### નિષ્ફળતા પણ એક સફળતાનો ભાગ જ છે

રાજ્યમાંથી બોર્ડની પરીક્ષાઓ શરૂ થઈ છે. આ પરીક્ષાઓમાં બિલકુલ ગભરાય વગર નિર્ભય થઈ અને કોઈપણ જાતના તળાવ અને પોતાની પર હાવી નહીં થવા દઇ એકાગ્રતાથી પ્રશ્નોના જવાબ આપવાથી 100% સફળતા મળતી હોય છે. નિષ્ફળતા પણ મળે તો નાસીપાસ થવાની જરૂર નથી કારણ કે નિષ્ફળતા પણ એક સફળતાનો ભાગ છે આજે તમામ વાલી મિત્રો અને વિદ્યાર્થી મિત્રો હું શુભેચ્છા પાઠવું છું કે એમણે આખા વર્ષ દરમિયાનની મહેનત કરી છે. એ ફળે અને આગળના જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી શુભેચ્છાઓ.

**ડો.શીતલ મિસ્ત્રી,**સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન

#### શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર રજામાં ફેરફાર

આગામી માર્ચ મહિનામાં આવી રહેલી હોળી અને ધૂળેટી સહિતની રજામાં ફેરફાર કરવામાં આવ્યો છે. સામાન્ય વહીવટ વિભાગના નવા જાહેરનામા અનુસાર રજામાં ફેરફાર કરાયો છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સામાન્ય વહીવટ વિભાગના નવા જાહેરનામા અનુસાર શૈક્ષણિક વર્ષ 2025-26માં રજાની તારીખોમાં સુધારો કરાયો છે. ધૂળેટીની રજા 3 માર્ચના બદલે 4 માર્ચે જાહેર, ચેટીચાંદની રજા 20 માર્ચના બદલે 19 માર્ચે જાહેર, રમઝાન ઈદની રજા 20 માર્ચના બદલે 21 માર્ચે જાહેર,રામનવમીની રજા 27 માર્ચના બદલે 26 માર્ચે જાહેર કરાઇ છે.

### ક્રેડિટ કાર્ડમાંથી ઠગે રૂપિયા 35.70 લાખ ઉપાડ્યાં

# રોકાણના બહાને સલુન સંચાલક સાથે રૂા.11.38 લાખની ઠગાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

ગોરવા ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં રહેત સલુનના વેપારી તેમની માતા તથા મિત્રના ક્રેડિટ કાર્ડમાંથી રૂપિયા 35.70 લાખ ઉપાડી રોકાણ કર્યાં હતા. તેમાંથી 11.38 લાખ આજ સુધી નહી ચુકવીને ઠગાઈ આચરી હતી.

ગોરવામાં વિસ્તારમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમા રહેતા નરેશભાઈ ભરતભાઈ ભગથરીયા મહેસાણાનગર સર્કલ નિઝામપુરા ખાતે હેર સલૂનની દુકાન ચલાવે છે. તેમની દુકાન પર મિત્ર રીચર્ડભાઈ વાળ કપાવવા માટે આવતા હોય ત્યારે તેણે તેનો એક મિત્ર છે જે ઈલેક્ટ્રોનીક વસ્તુ સસ્તા ભાવે વેચે છે. દરમિયાન વેપારીએ રીચર્ડભાઈને ફોન લેવાની વાત કરી હતી ત્યારે તેમણે જીતેન્દ્રભાઈનો મોબાઈલ નંબર આપ્યો હતો. જેથી વેપારીએ જીતેન્દ્રનો સંપર્ક કરી રેનો 14 ફોનની ખરીદયો હતો. જે રૂપિયા 40 હજારનો ફોન વેપારીને માત્ર રૂપિયા 26 હજારમા આપ્યો હતો. ત્યારબાદ ઠગે ઈવેસ્ટરની જરૂરીયાત છે તમે ઈવેસ્ટ કરો તો તમને પ્રોફીટ કરાવી આપીશ. જો તમારી પાસે ક્રેડીટ કાર્ડ હોય તો તેમાથી પૈસા ઉપાડી તેનુ રોકાણ કરીશ તેમાથી જે નફો થશે તમને પણ આપીશ અને ક્રેડીટ કાર્ડના નાણા પણ સમયસર ભરી દઈશ. ઠગ પર વિશ્વાસ આવી ગયો હોય વેપારીએ તેમના ક્રેડિટકાર્ડમાંથી ઠગ રૂ. 41 હજાર ઉપાડ્યાં રૂ. 8 હજાર પ્રોફીટ આપ્યો હતો. ત્યારબાદ વેપારીએ તેમની માતા તથા મિત્ર રુચીનભાઈના ક્રેડિટ કાર્ડમાંથી જીતેન્દ્ર રાજપુરોહીતે રૂપિયા 35.70 લાખ જેટલી રકમ ઉપાડી લીધી હતી. જેમાંથી માત્રે 24.32 લાખ ચુકવ્યા હતાં પરંતુ બાકીના નાણા આપવા માટે નન્નો ચુકવી દીધી હતા.આ વેપારી દ્વારા કરજણના રોકન રાણાને પણ રૂપિયા 5.11 લાખનો ચૂનો ચોપડ્યો હોવાનું સપાટી પર આવ્યું છે.

# સેન્ટ્રલ એસટી ડેપોમાંથી બે શખ્સ દારૂ સાથે ઝડપાયાં

(પ્રતિનિધિ) વડોદરા તા.26

સયાજીગંજ વિસ્તારમાં આવેલા સેન્ટ્રલ એસટી ડેપોમાં પોલીસે રેડ કરીને બે શખ્સને વિદેશી દારૂ સાથે ઝડપી પાડ્યાં હતા. સયાજીગંજ વિસ્તારમાં પોલીસની ટીમ પેટ્રોલિંગ ફરી રહી હતી.

તે દરમિયાન બાતમી મળી હતી કે સેન્ટ્રલ એસટી ડેપો બસ ડ્રોપિંગ એરીયા પાસે બે શખ્સે કોલેજ બેગમાં વિદેશી દારૂના ક્વાટરીયા લઈને ઉભા છે. જેથી પોલીસે બાતમી મુજબના સ્થળ પર જઈને તપાસ કરી હતી. ત્યારે બસના ડ્રોપિંગ એરીયામાંથી સાહીલ જીતુ પરમાર તથા જિગ્નેશ દિનેશ પરમાર (બંને રહે. ભાવનગર)ને ઝડપી પાડ્યાં હતા. તેમની પાસેથી બેગ લઈને તપાસ કરી હતી. તેમાંથી પાસેથી બેગ લઈને તેમાં તપાસ કરી હતી ત્યારે રૂપિયા 39 હજારનો દારૂનો જથ્થો ઝડપાયો હતો.

### લીલોડ ગામના આશાસ્પદ યુવકનું ઘટનાસ્થળે મોત

# કરજણના ગણપતપુરા પાસે બે બાઈક વચ્ચે અકસ્માત

(પ્રતિનિધિ) વડોદરા તા.26

કરજણ તાલુકાના ગણપતપુરા ગામ પાસે આજે સવારે બે મોટરસાયકલ વચ્ચે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં એક આશાસ્પદ યુવકે જીવ ગુમાવ્યો છે, જ્યારે અન્ય ત્રણ વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. અકસ્માત એટલો જોરદાર હતો કે એક યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.



કરજણના લીલોડ ગામના ત્રણ યુવકો એક જ બાઈક પર સવાર થઈને પોતાની નોકરી પર જઈ રહ્યા હતા. આ દરમિયાન ગણપતપુરા ગામના માર્ગ પર સામેથી આવતી અન્ય એક મોટરસાયકલ સાથે તેમનું બાઈક ધડાકાભેર અથડાયું હતું. અકસ્માતને પગલે માર્ગ પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. આ કરુણ દુર્ઘટનામાં લીલોડ ગામના દીપક વસાવા નામના યુવકને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું સ્થળ પર જ પ્રાણપંખેરુ ઊડી ગયું હતું. જ્યારે તેની સાથે રહેલા અન્ય મિત્રો અને સામેના બાઈક પર સવાર વ્યક્તિ સહિત કુલ ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. ઘટનાની જાણ થતાં જ કરજણ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતક દીપક વસાવાના મૃતદેહને કબજે કરી પોસ્ટમોર્ટમ (PM) માટે હોસ્પિટલ ખસેડ્યો છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. યુવાનના આકસ્મિક અવસાનથી લીલોડ ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે.


### વોર્ડ-14 ના પ્રતિનિધિઓનો મોરચો : 72 કલાકમાં સંયુક્ત ઓપરેશનની આપી ખાતરી

# ખરબચડા રસ્તાઓ-ટ્રાફિક જામમાંથી વડોદરાવાસીઓને મળશે મુક્તિ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરી ખાતે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં શહેરમાં ચાલી રહેલા વિવિધ વિકાસલક્ષી કાર્યો, ખાસ કરીને રોડ, પાણી અને ડ્રેનેજ પ્રોજેક્ટ્સની પ્રગતિ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં વિગતો આપતા કમિશનરે જણાવ્યું હતું કે, શહેરમાં હાલ 13 રસ્તાઓ પર પાણીની લાઈન અને 16 રસ્તાઓ પર ડ્રેનેજ લાઈનની કામગીરી ચાલી રહી છે. વડોદરાની વધતી વસ્તી અને જરૂરિયાતને ધ્યાને રાખી લગભગ 20 વર્ષ જૂની ડ્રેનેજ લાઈનો બદલીને તેની ક્ષમતા વધારવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે, જેથી ચોમાસા દરમિયાન શહેરમાં પાણી ભરાવાની સમસ્યા નિવારી શકાય. વિકાસના કામોને કારણે હાલમાં જે 32 જેટલા રસ્તાઓ પર ટ્રાફિક ડાયવર્ઝન અથવા રસ્તા બંધ કરવામાં આવ્યા છે, તેનાથી નાગરિકોને પડી રહેલી હાલાકી અંગે પણ ચર્ચા થઈ હતી. કમિશનરે આદેશ આપ્યો છે કે મોટાભાગના રસ્તાઓની કામગીરી માર્ચના અંત સુધીમાં પૂર્ણ કરી દેવી, જેથી ટ્રાફિકની




સમસ્યા હળવી થાય. ડ્રેનેજના અમુક જટિલ કામો એપ્રિલ કે મે મહિના સુધી ચાલશે, પરંતુ તેને પણ વહેલી તકે પૂર્ણ કરવા માટે રાત્રિ દરમિયાન કામ કરવાની સૂચના અપાઈ છે. કમિશનરે સ્પષ્ટ કર્યું હતું કે રસ્તાનું રિસર્ફેસિંગ હોય કે પેચવર્ક, તેમાં ગુણવત્તા જળવાવી જોઈએ. ફિલ્ડ વિઝિટ દરમિયાન ધ્યાને આવ્યું છે કે પેચવર્કને કારણે રસ્તાઓ ખરબચડા બને છે, તેને લેવલમાં કરવા તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત, ગટરના ઢાંકણા અને રસ્તાના લેવલ વચ્ચેના તફાવતને કારણે થતા અકસ્માતો રોકવા માટે પણ સૂચના અપાઈ છે. બેઠકમાં બિલ્ડિંગ પ્રોજેક્ટ્સ જેવા કે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ઓડિટોરિયમ, ફાયર સ્ટેશન અને યોગ સ્ટુડિયોના કામો કયા તબક્કે છે તેની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

### હપ્તા નહીં ભરાતા સીઝ કરવાના ડરથી ચેંડા કર્યા

# યાકુતપુરામાંથી સરખી નંબર પ્લેટ પિક અપ પર લગાવનાર ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરના સરસીયા તળાવ રોડ પર પરથી એક સરખી નંબર પ્લેટવાળી બે શંકાસ્પદ બોલેરો સાથે વાહન માલિકને એસઓજી પોલીસે શેરખાન ખલીલખાન પઠાણને ઝડપી પાડ્યો હતો. તેની પૂછપરછ કરતા આરોપીએ બે ગાડી ફાઈનાન્સથી લીધી હોય હપ્ત ચડી જવાના કારણે એક સરખી નંબર પ્લેટ લગાવી ફરતો હતો હોવાનું આરોપીએ જણાવ્યુ હતું. એસઓજીએ આરોપીને આરોપીને કાર્યવાહી માટે સિટી પોલીસને સોંપ્યો છે. યાકુતપુરા એમઈએસ બોઈઝ સ્કૂલની સામે સરસીયા તળાવ રોડ પર જી મદાર દરગાહ પાસે શેરખાન ખલીલખાન પઠાણ બોલેરો પીકઅપ ગાડીઓ રાખે છે. જે ગાડીઓના રજિસ્ટ્રેશન નંબર સરખા છે. જે ગાડીઓ તેના રહેણાક મકાન પાસે પડી છે. જેના આધારે એસોજીની ટીમ બાતમી



મુજબના સ્થળ પર જઈને તપાસ કરી હતી બંને ગાડીની નંબર સરખી હતી. જેથી ગાડીના માલિક શેરખાન પઠાણને પકડી રજિસ્ટ્રેસન નંબર બાબતે પુછતા તેણે બંને બોલેરો ગાડી ફાયનાન્સ લીધી હોય તેના હપ્તા નહી ભરાતા નંબર પ્લેટ સીઝ થવાના ડરથી એક જ નંબર લગાડી હતી ઉપરાંત માલિકે ગાડીના એન્જીન તથા ચેસીસ નંબર પણ બદલી નાખ્યા હોવાનું કબૂલાત કરી છે. ત્યારે આગળની કાર્યવાહી માટે આરોપીઓને સિટી પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે.

### નંદેસરી પોલીસ ઊંઘતી ઝડપાઈ

# પીસીબીની ટીમે એક્સપ્રેસ હાઈવે પરથી રૂ.34.87 લાખનો દારૂ પકડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વિદેશી દારૂ ભરેલો ટ્રક ભરૂચથી વાયા નવા એક્સપ્રેસ હાઈવે દ્વારા અમદાવાદ ખાતે જઈ રહ્યો છે. જેના આધારે પીસીબી પોલીસની ટીમે ફાજલપુર પાસે વોચ ગોઠવી રૂપિયા 34.87 લાખના દારૂ અને બીયર ભરેલા ટ્રકને ઝડપી પાડ્યો હતો. ડ્રાઈવર ના કેબિન ની પાછળ ચોર ખાનું બનાવીને દારૂ સંતાડી રાખેલો હતો. ડ્રાઈવર સહિત બે લોકોને ઝડપી પાડી અન્ય ચાર લોકોને વોન્ટેડ જાહેર કર્યા છે. વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ટ્રક મોબાઈલ અને રોકડ રકમ મળી રૂપિયા 50.10 લાખનો મુદ્દા માલ કબજે કરાયો છે.

વડોદરા વિસ્તારમાં પીસીબીની ટીમ વિસ્તારમાં પેટ્રોલીંગમાં ફરી રહી હતી. દરમ્યાન ફરતા ફરતા ને.હા. 48, નંદેસરી ચોકડી પાસે આવતા બાતમી મળી હતી



કે એક સફેદ કલરનું અશોક લેલેન્ડ ટ્રકમાં વિદેશી દારૂનો જથ્થો ભરી નવા એક્ષપ્રેસ હાઈવે ઉપર ભરૂચ તરફથી નીકળી અમદાવાદ તરફ જવાનો છે. જેનાં આધારે પીસીબીની ટીમે નંદેસરી ચોકડી પાસેથી નવા એક્ષપ્રેસ હાઈવે ઉપર ફાજલપુર ઉતરવાના નાકા પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી મુજબનો ટ્રક આવતાં તેની રોકી રોડની સાઈડમાં લેવડાવ્યો હતો. ટ્રકમાં જોતા ડ્રાઈવર સહિત બે શખ્સ બેઠેલા હતા. તેમને નીચે ઉતારીને પાછળની સાઈડ ચેક કર્યું હતુ પરંતુ કઈ ન હતું. પરંતુ ડ્રાઈવર કેબીનની પાછળ એક પતારાનું અલગથી કેબીન બનાવેલ જે કેબીન ઉપરના ભાગેથી ખુલતુ હોય જે ખોલી જોતા જેમાં વિદેશી દારૂની બોટલો સંતાડી રાખેલી જણાઈ આવી હતો. ટ્રકનો ચાલક જોધારામ જોગારામ જાટ (ગોદારા) ( રહે. લોહારવા ગામ, નખારીનાડી, તા. ધોરીમન્ના, જી. બાડમેર રાજસ્થાન) તથા ભાગીરથ સમારામ જાટ (ગોદારા) ( રહે. લોહારવા ગામ, નખારીનાડી, તા. ધોરીમન્ના. છુ. બાડમેર રાજસ્થાન) ની ધરપકડ કરાઈ હતી. વિદેશી દારૂ તથા બીયરના ટીન મળી રૂ. 34.87 લાખનો જથ્થો,રોકડા રૂપિયા 17 હજાર, મોબાઈલ અને ટ્રક રૂપિયા 15 લાખ મળી કુલ મળી રૂપિયા 50.10 લાખનો મુદ્દામાલ કબ્જે